ભારે વરસાદ અને પૂરથી અસરગ્રસ્ત વેપારીઓ માટે આર્થિક અને પુનઃવસન સહાય પેકેજ

સુરતની જેમ નવસારી માટે પણ સરકારનું પેકેજ જાહેર

જિલ્લા કલેક્ટર મનીષ ગુરવાનીના માર્ગદર્શન હેઠળ સમિતિઓની રચના કરવામાં આવી

સહાય યોજનાની વિશેષતાઓ અને અરજી કરવાની પ્રક્રિયા

નવસારી : નવસારી જિલ્લામાં ભારે વરસાદ, પૂર અને અતિવૃષ્ટિના કારણે વ્યાપક નુકસાન વેઠનાર વેપારીઓને રાહત આપવાના હેતુથી ગુજરાત રાજ્ય સરકાર દ્વારા એક મહત્વપૂર્ણ આર્થિક અને પુનઃવસન સહાય યોજના જાહેર કરવામાં આવી છે. આ યોજનાના સુચારૂ અમલીકરણ અને દેખરેખ માટે જિલ્લા કલેક્ટર મનીષ ગુરવાનીના માર્ગદર્શન હેઠળ ખાસ સમિતિઓની રચના કરવામાં આવી છે.

સરકારના આ નિર્દેશ મુજબ Aનવસારી મહાનગરપાલિકા વિસ્તારમાં ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર, અન્ય નગરપાલિકા વિસ્તારોમાં ચીફ ઓફિસર અને ગ્રામ્ય વિસ્તારોમાં સંબંધિત પ્રાંત અધિકારીની અધ્યક્ષતામાં આ સહાય સમિતિઓ સમગ્ર કામગીરી સંભાળશે. આ ઉપરાંત, જીએસટી ટર્નઓવરના આધાર પર પાત્રતા ધરાવતા વેપારીઓને રૂપિયા 20 લાખથી લઈને રૂપિયા 30 લાખ સુધીની બેંક લોન પર ત્રણ વર્ષ માટે 7 ટકા જેટલી વ્યાજ સહાય પણ પૂરી પાડવામાં આવશે. જો કે, આ વ્યાજ સહાયનો લાભ માત્ર બેંક લોન પર જ મળશે અને તે કેશ ક્રેડિટ (CC) તેમજ ઓવરડ્રાફ્ટ (OD) ખાતાઓ પર લાગુ થશે નહીં.

તંત્ર દ્વારા નુકસાનના સ્થળનું સર્વેક્ષણ, ફોટોગ્રાફી, વીડિયોગ્રાફી અને અન્ય જરૂરી સત્તાવાર પુરાવાઓની ચકાસણી કર્યા બાદ જ સહાય મંજૂર કરવામાં આવશે. તમામ પાત્ર વેપારીઓએ જરૂરી દસ્તાવેજો સાથે પોતાની અરજી સંબંધિત નગરપાલિકા, મહાનગરપાલિકા અથવા મામલતદાર કચેરીમાં સમયસર સબમિટ કરવાની રહેશે. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તમામ અસરગ્રસ્ત વેપારીઓને વહેલી તકે અરજી કરી રાજ્ય સરકારની આ કલ્યાણકારી યોજનાનો મહત્તમ લાભ મેળવવા માટે વિશેષ અનુરોધ કરવામાં આવ્યો છે.

વેપારીઓ માટે સહાયની રકમ નક્કી કરવામાં આવી

- » લારી-રેકડી ધારકો માટે રૂપિયા 7,500 ની સહાય,
- » 40 ચોરસ ફૂટ સુધીની કેબિન ધરાવતા વેપારીઓને રૂપિયા 25,000.
- » 40 ચોરસ ફૂટથી વધુ વિસ્તાર ધરાવતી કેબિનના વેપારીઓને રૂપિયા 50,000.
- » છેલ્લા ત્રિમાસિક ગાળાનું જીએસટી (GST) રિટર્ન ભરેલા પાકી દુકાન ધરાવતા વેપારીઓને રૂપિયા 1 લાખ સુધીની સીધી રોકડ સહાય ચૂકવવામાં આવશે.

બિલપુડી ધોધ પર કુદરતી સૌંદર્ય સોળે કળાએ ખીલ્યું

ધરમપુર તાલુકાના બિલપુડી ગામે આવેલો પ્રખ્યાત બિલપુડી ધોધ ભારે વરસાદના કારણે પોતાના કુદરતી અને મનમોહક સૌંદર્યથી સોળે કળાએ ખીલી ઉઠ્યો છે. ચોમાસાની આ જમાવટ અને ધોધની મનમોહક સુંદરતાની મજા માણવા માટે આસપાસના વિસ્તારમાંથી મોટી સંખ્યામાં પ્રવાસીઓ અને સહેલાણીઓ ઉમટી પડ્યા હતા. વરસાદી માહોલ વચ્ચે કુદરતના આ અદ્ભુત નજારાને નિહાળવા અને પોતાના કેમેરામાં કંડારવા માટે લોકો ઉત્સાહિત જોવા મળ્યા હતા. ધોધના વહેતા પાણી અને હરિયાળીથી છવાયેલા કુદરતી વાતાવરણને કારણે સહેલાણીઓમાં ભારે રોમાંચ જોવા મળ્યો હતો.

ગણદેવી ખાંડ ઉદ્યોગ મંડળની ચૂંટણીમાં સમન્વય પેનલનો દબદબો

૧૬ બેઠકો પૈકી સમન્વય પેનલ ૧૧ અને સહકાર પેનલે ૪ બેઠક કબ્જે કરી, ૧ બેઠક ઉપર અપક્ષનો વિજય

બીલીમોરા : ગણદેવી સુગર ફેક્ટરી વ્યવસ્થાપક મંડળની ચૂંટણીનું રવિવાર મોડી રાત્રે પરિણામ આવ્યું હતું. જેમાં ૧૬ બેઠકો પૈકી સમન્વય પેનલ ૧૧ અને સહકાર પેનલને ૪ બેઠક કબ્જે કરી જ્યારે ૧ બેઠક ઉપર અપક્ષનો વિજય થયો હતો.

મતગણતરી બાદ પ્રથમ ગણદેવીની પ્રથમ બેઠકનું પરીણામ જાહેર થયું હતું. જેમાં સમન્વય પેનલના રાજાભાઈ ઉર્ફે રાજેશ પટેલને ૭૭ મત મળતા બે મત સાથે વિજય થયો હતો. તે બાદ વિભાગ-૨ માં સમન્વય પેનલના સમીર પટેલનો ૩૨ મતે વિજય થયો હતો. બિન ઉત્પાદક બ વર્ગમાં સમન્વય પેનલનાં ગોપાળ ગોહિલ ૩૦ મતે, વિભાગ-૪ માં સહકાર પેનલનાં ચેતન જીવણ પટેલ ૧૫૫ મતે, વિભાગ- ૫ માં સહકાર પેનલનાં અરુણ પટેલનો ૯૪ મતે, વિભાગ ૬ માં સમન્વય પેનલનાં અમિત પટેલ ૨૧૬ મતે, વિભાગ- ૭ માં સહકાર પેનલનાં કલ્પેશ પટેલ ૩૭ મતે, વિભાગ ૮ માં અપક્ષ ઉમેદવાર હિતેશ કલ્યાણજી પટેલ ૪૨ મતે, વિભાગ ૯ માં સમન્વય પેનનાં નટુભાઈ ધીરુભાઈ પટેલ ૧૨૯ મતે, વિભાગ ૧૦ માં સમન્વય પેનલનાં કમલ શાંતિલાલ પટેલ વિજયી થયા હતા. વિભાગ ૧૧ માં સમન્વય પેનલનાં અલ્પેશ દેસાઈને ૨૫૯ ની લીડ સાથે વિજય, વિભાગ ૧૨ માં સમન્વય પેનલનાં રાજેન્દ્રસિંહ પરમાર ૬ મતે વિજયી જ્યારે અનુસૂચિત અનામત બેઠક ઉપર વિરેન્દ્રભાઈ પટેલ ૫૦૬ મતે વિજયી બન્યા હતા. અને સમન્વય પેનલની બંને મહિલાઓ દીપિકા પટેલ અને મનીષા બેન પટેલ પણ વિજેતા રહ્યાં હતાં. વિજેતાઓનું ફટાકડા ફોડી અભિવાદન કરાયું હતું.

વિજેતા ઉમેદવારો

સમન્વય પેનલના વિજેતા ૧૧ ઉમેદવારો

રાજેશ પટેલ (૭૭), સમીર પટેલ (૧૯૮), ગોપાલ ગોહિલ (૧૭૫), અમિત પટેલ (૩૭૦), નટુભાઈ ધીરુભાઈ પટેલ (૨૧૯), કમલ શાંતિલાલ પટેલ (૧૧૫), અલ્પેશ દેસાઈ (૩૧૯), રાજેન્દ્રસિંહ પરમાર (૧૬૮), વિરેન્દ્રભાઈ પટેલ (૨૪૬૯), દીપિકા પટેલ (૨૦૭૯) અને મનીષા પટેલ (૨૨૨૬)

સહકાર પેનલના વિજેતા ૪ ઉમેદવારો

રણજીત પટેલ (બિનહરીફ), ચેતન જીવણ પટેલ (૨૮૩), અરુણ પટેલ (૨૩૯), કલ્પેશ પટેલ(૩૧૬)

અપક્ષ વિજેતા

હિતેશ કલ્યાણજી પટેલ (વિભાગ-૮) (૧૮૯) વિજેતા

ગરમ નાસ્તાના બિલની ચૂકવણી મુદ્દે આંગણવાડી વર્કરોની રજૂઆત

નવસારી-જલાલપોરમાં આજે બાળકોને ન બોલાવવાનો નિર્ણય

નવસારીઃ નવસારી જિલ્લામાં આંગણવાડીના બાળકોને આપવામાં આવતા ગરમ નાસ્તાના બિલની ચૂકવણી અંગેનો પ્રશ્ન હજુ સુધી ઉકેલાયો ન હોવાથી આંગણવાડી વર્કરોએ પોતાની રજૂઆતને આગળ વધારવાનો નિર્ણય લીધો છે. ગુજરાત આંગણવાડી કર્મચારી સંગઠન (જી.કે.એસ.)ના જણાવ્યા મુજબ સોમવારથી નવસારી અને જલાલપોર તાલુકાની કેટલીક આંગણવાડીઓમાં બાળકોને એક દિવસ માટે ન બોલાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. સંગઠનના જણાવ્યા અનુસાર જિલ્લામાં કુલ 1,330 આંગણવાડીઓ કાર્યરત છે, જેમાંથી પ્રથમ તબક્કામાં નવસારી અને જલાલપોર તાલુકાની 364 આંગણવાડીઓ આ નિર્ણયમાં સામેલ થઈ છે. વર્કરોનું કહેવું છે કે ગરમ નાસ્તાના બિલની ચૂકવણી છેલ્લા કેટલાક મહિનાથી બાકી હોવાથી તેમણે આ બાબતે સંબંધિત વિભાગ સમક્ષ અનેક વખત રજૂઆત કરી છે.

સંગઠન દ્વારા એવી પણ માહિતી આપવામાં આવી છે કે બાળકોને સેવા આપવામાં કોઈ મુશ્કેલી ન પડે તે માટે અત્યાર સુધી પોતાના સ્તરે શક્ય તમામ પ્રયાસો કરવામાં આવ્યા હતા. હવે તેઓ આશા વ્યક્ત કરી રહ્યા છે કે સંબંધિત તંત્ર દ્વારા આ પ્રશ્નનો વહેલી તકે યોગ્ય ઉકેલ લાવવામાં આવશે.

સંગઠનના જણાવ્યા મુજબ આગામી દિવસોમાં જરૂર જણાશે તો અન્ય તાલુકાની આંગણવાડીઓ પણ આ રજૂઆતમાં જોડાઈ શકે છે. જોકે, સમગ્ર મામલે સંબંધિત વિભાગ સાથે હકારાત્મક ચર્ચા દ્વારા વહેલી તકે ઉકેલ આવશે અને બાળકોને નિયમિત સેવાઓ ફરી શરૂ થશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે.

આવી રીતે 'ભણશે ગુજરાત' વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે ચેડાં

વાંસદા તાલુકાની શાળાઓમાં ધોરણ-૬ના પાઠ્યપુસ્તકોનો અભાવ

સરપંચ એસોસિએશને પ્રાંત અધિકારીને આવેદનપત્ર પાઠવી તાત્કાલિક પુસ્તકો ફાળવવાની માંગ કરી

વાંસદા : વાંસદા તાલુકાની સરકારી શાળાઓમાં પ્રથમ સત્ર શરૂ થયાને બે માસ વીતી ગયા છતાં ધોરણ-૬ના વિદ્યાર્થીઓને 'સામાજિક વિજ્ઞાન' નું પાઠ્યપુસ્તક ઉપલબ્ધ ન થતાં વાંસદા તાલુકા સરપંચ એસોસિએશન દ્વારા પ્રાંત અધિકારીને આવેદનપત્ર પાઠવી તાત્કાલિક પુસ્તકો ફાળવવાની માંગ કરી હતી. આવેદનપત્રમાં જણાવ્યા મુજબ પાઠ્ય પુસ્તક નહીં મળતા અભ્યાસ અને પરીક્ષાની તૈયારી પર અસર પડી રહી છે. શિક્ષણ વિભાગ ગંભીર પ્રશ્ન પ્રત્યે પૂરતી સંવેદનશીલતા દાખવતી નથી તેવી રજૂઆત કરી હતી. સરપંચ એસોસિએશને જણાવ્યું કે શિક્ષણ જેવી મહત્વની બાબતને પ્રાથમિકતા આપવાને બદલે અન્ય કાર્યક્રમોમાં સરકાર વધુ રસ લઈ રહી છે. 'ભણશે ગુજરાત, રમશે ગુજરાત' જેવા સૂત્રો વચ્ચે વિદ્યાર્થીઓને સમયસર પાઠ્યપુસ્તકો પણ ઉપલબ્ધ ન કરાવી શકવું દુર્ભાગ્યપૂર્ણ હોવાનું જણાઈ રહ્યું છે. જો એમ નહીં થાય તો સરપંચ એસોસિએશને ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલનની ચીમકી ઉચ્ચારી હતી.

બૅંક ઑફ ઇંડિયા Bank of India BOI

ઝોનલ ઓફિસ, સુરત ઝોન : બેંક ઓફ ઈન્ડિયા બિલ્ડીંગ, ૧લો માળ, ઘોડદોડ રોડ, પાંજરાપોળ સામે, સુરત-૩૯૫૦૦૧

સરફેસી એક્ટ, ૨૦૦૨ હેઠળ મિલકતોની ઈ-હરાજી વેચાણ નોટીસ

ઈ-હરાજીની તા.૦૯.૦૯.૨૦૨૬ સવારે ૧૧ થી સાંજે ૫ સુધી (ઓટો એક્સટેન્શન નિયમ પ્રમાણે હરાજી બંધ થવા પહેલા ૧૦ મિનીટના વધારા સાથે)

સિકયુરીટાઈઝેશન અને રિકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સીયલ એસેટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ ના રૂલ ૮(૬) /૯(૧) અને રૂલ ૬(૨) સાથે વંચાણે લઈ સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ ૨૦૦૨ હેઠળ જાહેર જનતા અને ખાસ કરીને નીચે દર્શાવેલ દેવાદાર(રો) અને જામીનદાર(રો) ને નોટીસ આપી જણાવવામાં આવે છે કે નીચે દર્શાવેલ મિલકત(તો) કે જે સિકયોર્ડ કેડીટર્સને ગીરવે/ચાર્જ કરેલ કે જેનો સાંકેતિક/પ્રત્યક્ષ કબજો બેંક ઓફ ઈન્ડિયા, સિકયોર્ડ કેડીટર્સ દ્વારા મેળવવામાં આવેલ છે. જેનું 'જ્યાં છે, જે કંઈ છે અને જેવું છે તેવું' ના ધોરણે બેંક ઓફ ઈન્ડિયા, સિકયોર્ડ કેડીટર્સ દ્વારા જે તે દેવાદાર અને જામીનદારોના બાકી રકમ માટે ઈ-હરાજીથી વેચાણ કરવામાં આવશે. અનામત કિંમત અને ઈએમડીની રકમ નીચે મુજબ રહેશે. નીચે સહી કરનાર દ્વારા નીચે જણાવેલ ઈ-હરાજી પ્લેટફોર્મથી વેચાણકરવામાં આવશે.

અ. નં.	શાખાનું નામ / દેવાદાર / જામીનદાર / માલિક / ભાગીદાર / મિલકતના ગીરવેદાર નું નામ	સુરક્ષિત કરેલ મિલકતનું વર્ણન	અ) સરફેસી એક્ટ ૨૦૦૨ની કલમ ૧૩(૨)હેઠળ માંગણા નોટીસની તારીખ / બ) બાકી રકમ અને ડીમાન્ડ નોટીસ ની તારીખ / ક) કબજાનો પ્રકાર સાંકેતિક /પ્રત્યક્ષ સ્થનાત્મક	જ્યુનતમ અનામત કિંમત / ઈએમડી	શાખા હેડ નો સંપર્ક નંબર
૧.	અંકલેશ્વર ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ શાખા લાલજીભાઈ રામજીભાઈ સાવલીયા, પ્રવિણભાઈ રામજીભાઈ સાવલીયા	**સ્થાયી મિલકત :** રહેણાંકનો બંગ્લોઝ સર્વે નં. ૨૬૯ એ પૈકી રામેશ્વર બંગ્લોઝ, નો પ્લોટ નં. ૪૬ વાલીયા પોલીટેકનીક કોલેજની પાછળ, વાલીયા દેસાડ રોડ, તા.વાલીયા, જી. ભરૂચ ૩૯૩૧૩૫. **એરિયા ૧૮૫.૭૮ ચો.મી.**	અ) ૦૨.૦૬.૨૦૧૮ બ) રૂા. ૨૧,૭૩,૧૭૯.૦૦ વત્તા વધારાનું વ્યાજ અને કોસ્ટ આકસ્મિક ખર્ચાઓ વિગેરે ક) પ્રત્યક્ષ કબજો	રૂા.૯,૦૯,૦૦૦/- રૂા.૯૦,૯૦૦/-	૮૦૦૯૭૬૦૩૪૨
૨.	અંકલેશ્વર ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ શાખા શ્રી વિપુલભાઈ સુખાભાઈ ધામેલીયા શ્રી વિરલકુમાર સુખાભાઈ ધામેલીયા	**સ્થાયી મિલકત :** રહેણાંકનો બંગ્લોઝ સર્વે નં. ૨૬૯ એ પૈકી રામેશ્વર બંગ્લોઝ નો પ્લોટ નં.૫૩, વાલીયા પોલીટેકનીક કોલેજ પાછળ, વાલીયા દેસાડ રોડ, તા.વાલીયા, જી.ભરૂચ-૩૯૩૧૩૫. **એરિયા ૧૮૫.૭૮ ચો.મી.**	અ) ૧૨.૦૪.૨૦૧૭ બ) રૂા. ૨૧,૯૨,૪૭૭.૦૦ વત્તા વધારાનું વ્યાજ અને કોસ્ટ આકસ્મિક ખર્ચાઓ વિગેરે ક) પ્રત્યક્ષ કબજો	રૂા.૮,૫૦,૫૦૦/- રૂા.૮૫,૦૫૦/-	૮૦૦૯૭૬૦૩૪૨
૩.	બારડોલી શાખા શ્રી મંતોષ કુમાર અને શ્રીમતી પુનમ દેવી	**સ્થાયી મિલકત :** રહેણાંકની મિલકત રે.સ. નં. ૫૧૫ અને ૫૧૬/૩, જૂનો બ્લોક નં.૪૧ ,નવો બ્લોક નં. ૪૬, 'રાધે વિલા', પ્લોટ નં. ૫૩, શ્રીજી રેસીડેન્સી બાજુમાં, સાંઈ પવિત્રા સોસાયટી નજીક, હલધરૂ ગામ રોડ, હલધરૂ તા. કામેરજ, જી.સુરત -૩૯૪૩૧૦ **એરિયા ૪૦.૨૬ ચો.મી**	અ) ૧૯.૦૧.૨૦૨૬ બ) રૂા. ૯,૭૯,૧૦૩.૬૭ વત્તા વધારાનું વ્યાજ અને કોસ્ટ આકસ્મિક ખર્ચાઓ વિગેરે ક) પ્રત્યક્ષ કબજો	રૂા.૯,૯૩,૦૦૦/- રૂા.૯૯,૩૦૦/-	૬૭૧૩૨૩૯૯૮૪
૪.	નવાગામ કેસીઆર શાખા શ્રીમતી સુમન રામસરે પાલ, અને શ્રી રામસરે કે પાલ	**સ્થાયી મિલકત :** ૦૨ રહેણાંકની મિલકત નો રો હાઉસ પ્લોટ નં. ૪૭/બી અને ૪૮/બી, મહાવીર નગર રેસીડન્સી, નો રે.સ નં. ૫૯, ૬૦, ૬૧ અને ૬૨ નવો બ્લોક નં. ૬૭, ગામ. કારેલી, તા.પલસાણા, જી.સુરત. **એરિયા ૫૨.૦૯ ચો.મી, તેનો કુલ એરિયા ૧૦૪.૧૮ ચો.મી.**	અ) ૨૨.૧૧.૨૦૨૧ બ) રૂા. ૨૬,૬૯,૧૫૨.૧૬ વત્તા વધારાનું વ્યાજ અને કોસ્ટ આકસ્મિક ખર્ચાઓ વિગેરે ક) પ્રત્યક્ષ કબજો	રૂા.૧૪,૫૬,૦૦૦/- રૂા.૧,૪૫,૬૦૦/-	૮૦૦૦૯૭૬૨૨૫
૫.	ટેક્ષટાઈલ માર્કેટ શાખા વિનોદ કલાલ અને કુસુમ કુમારી વિનોદ કલાલ	**સ્થાયી મિલકત :** રહેણાંકની મિલકતનો પ્લોટ નં.૧૮૯, શ્રી વલ્લભ રેસીડેન્સી, એપલ પુલ વિલા નજીક, હલધરૂ ગામ રોડ, હલધરૂ તા. કામેરજ, જી.સુરત- ૩૯૪૩૧૦ **એરિયા ૪૧.૨૮ ચો.મી.**	અ) ૦૩.૧૨.૨૦૨૩ બ) રૂા. ૭,૨૯,૦૪૧.૦૦ વત્તા વધારાનું વ્યાજ અને કોસ્ટ આકસ્મિક ખર્ચાઓ વિગેરે ક) પ્રત્યક્ષ કબજો	રૂા.૭,૦૫,૦૦૦/- રૂા.૭૦,૫૦૦/-	૬૫૯૬૨૨૭૭૬૦
૬.	વાપી શ્રી જમીલઅહમદ મોહમદયાસીન ચૌધરી અને શ્રી ઈમરાન મોહસીન બહમુસા	**સ્થાયી મિલકત :** રહેણાંકનો ફલેટનો સર્વે નં. ૯૮/૧ પૈકી ૦૧, ફલેટ નં.૨૦૪, તોવીહદ પાર્ક, રજો માળ, ચીલ્ડ્રન ઈંગ્લીશ હાઈ સ્કુલ નજીક, વાપી -સેલવાસા રોડ, ડુંગરા, તા. વાપી, જી.વલસાડ, ગુજરાત -૩૯૬૧૯૩ ખાતે આવેલ છે. **એરિયા ૬૦.૩૮ ચો.મી.**	અ) ૦૨.૧૧.૨૦૨૩ બ) રૂા. ૩,૦૪,૧૦૧.૨૨ વત્તા વધારાનું વ્યાજ અને કોસ્ટ આકસ્મિક ખર્ચાઓ વિગેરે ક) પ્રત્યક્ષ કબજો	રૂા.૪,૮૦,૦૦૦/- રૂા.૪૮,૦૦૦/-	૬૯૮૪૨૯૪૫૪૦
૭.	વાપી શ્રી ઈમરાન મકબુલઅહમદ શેખ અને શ્રી મહબુબ ઈબાસેર ખાન	**સ્થાયી મિલકત :** રહેણાંકનો ફલેટનો સર્વે નં. ૯૮/૧ પૈકી ૦૧, ફલેટ નં.૪૧૧, તોવીહદ પાર્ક, ૪થો માળ, ચીલ્ડ્રન ઈંગ્લીશ હાઈ સ્કુલ નજીક, વાપી -સેલવાસા રોડ, ડુંગરા, તા. વાપી, જી.વલસાડ, ગુજરાત -૩૯૬૧૯૩ ખાતે આવેલ છે. **એરિયા ૪૦.૮૭ ચો.મી.**	અ) ૧૫.૦૨.૨૦૨૪ બ) રૂા.૨,૫૮,૯૧૫.૨૩ વત્તા વધારાનું વ્યાજ અને કોસ્ટ આકસ્મિક ખર્ચાઓ વિગેરે ક)સાંકેતીક કબજો	રૂા.૩,૨૫,૦૦૦/- રૂા.૩૨,૫૦૦/-	૬૯૮૪૨૯૪૫૪૦
૮.	વાપી શ્રી વજાહુલકુમાર બરકતઅલી ચૌધરી અને શ્રી બજરંગીલાલ જગતરામ યાદવ	**સ્થાયી મિલકત :** રહેણાંકનો ફલેટ નં.૪૦૧, તોવીહદ પાર્ક, ૪થો માળ, ચીલ્ડ્રન ઈંગ્લીશ હાઈ સ્કુલ નજીક, વાપી -સેલવાસા રોડ, ડુંગરા, તા. વાપી, જી.વલસાડ, ગુજરાત -૩૯૬૧૯૩ ખાતે આવેલ છે. **એરિયા ૬૩.૬૩ ચો.મી.**	અ) ૧૫.૦૨.૨૦૨૪ બ) રૂા.૪,૬૩,૩૫૫.૪૨ વત્તા વધારાનું વ્યાજ અને કોસ્ટ આકસ્મિક ખર્ચાઓ વિગેરે ક) પ્રત્યક્ષ કબજો	રૂા.૫,૧૦,૦૦૦/- રૂા.૫૧,૦૦૦/-	૬૯૮૪૨૯૪૫૪૦

હરાજીમાં ભાગ લેતા પહેલા બીડરોએ મિલકત/તોનું સાઈટ પરનું માપ અને રેવન્યુ રેકર્ડ માં પણ માપ ચકાસી લેવાનું રહેશે.

નિયમો અને શરતો : (૧) સદર મિલકતની હરાજી 'જેમ છે તેમ' અને જ્યાં છે ત્યાં' અને ઓનલાઈન કરવામાં આવશે. બીડ કરતા પહેલાં **તે પહેલા કામકાજના દિવસો દરમ્યાન** ઈએમડી એનઈએફટી અથવા ફંડ ટ્રાન્સફરથી હરાજી ની પ્રક્રિયા સુધી જમા કરી શકાશે. (૨) બીડરે વધુ વિગતો, નિયમો અને શરતો ડાઉનલોડ કરવા કૃપા કરી (એ) https://www.bankofindia.bank.in ની મુલાકાત લેવી. (બી) અમારી ઈ-હરાજી સેવા આપનારી વેબસાઈટ https://baanknet.com અને https://baanknet.com ની મુલાકાત લઈ શકે છે જ્યાં બીડરો માટે શૈક્ષણિક વિડીઓ ઉપલબ્ધ છે. બીડરો એ નીચેના સ્ટેપ બીડીંગમાં સારી રીતે પૂર્ણ કરવાના રહેશે. **સ્ટેપ ૧ :** બીડર/ખરીદનાર નોંધણી : ઈ-ઓકશન પ્લેટફોર્મ ઉપર નોંધણી કરનારે (ઉપર આપેલ લીંક) માં મોબાઈલ નંબર અને ઈમેલ આઈડી નો ઉપયોગ કરવાનો રહેશે. **સ્ટેપ ૨ :** કેવાયસી ખરાઈ : બીડરે જરૂરી દસ્તાવેજો અપલોડ કરવા માટે, કેવાયસી દસ્તાવેજોની ચકાસણી ઈ-હરાજી સેવા આપનાર દ્વારા કરવામાં આવશે. (કાર્યકારી ૨ દિવસ લાગી શકે છે). **સ્ટેપ ૩ :** બીડર ગ્લોબલ વોલેટ દ્વારા ઈએમડી રકમનું ટ્રાન્સફર, ઈ-હરાજી પ્લેટફોર્મ પર જનરેટ થયેલ ચલણનો ઉપયોગ કરીને એનઈએફટી ઈ-હરાજી પ્લેટફોર્મ ઓનલાઈન / ઓફ લાઈન ફંડનું ટ્રાન્સફર કરી શકાશે.**તા.૦૯/૦૯/૨૦૨૬ ના રોજ સાંજે ૪ વાગ્યા પહેલા** **સ્ટેપ ૪ :** બીડીંગ પ્રક્રિયા અને હરાજીના પરિણામો : રસ ધરાવનાર રજીસ્ટર્ડ બીડર ઓનલાઈન ઈ-હરાજી પ્લેટફોર્મ પર ૧, ૨ અને ૩ સ્ટેપ પૂર્ણ કર્યા પછી બીડીંગ કરી શકશે. અને બીડર્સને જાણ કરવામાં આવે છે કે ઈએમડી જમા કરવા પહેલા ઈ-હરાજીની તારીખ પહેલા **સ્ટેપ ૧, ૨ અને ૩** સંપૂર્ણ રીતે પૂર્ણ કરવા પડશે. (૩) અધિકૃત અધિકારીની મહત્તમ જાણકારી અને માહિતી અનુસાર મિલકત પર અન્ય કોઈ બોજો નથી છતાં બીડરે બીડ કરતા પહેલા મિલકતના ટાઈટલ અને ક્લેઈમ / હક્ક / બાકી / બોજા અંગેની જાણકારી મેળવી લેવી. ઈ-હરાજીની જાહેર ખબર બેંક પ્રત્યેની કોઈપણ પ્રતિબદ્ધતા અથવા કોઈપણ પ્રતિનિધીત્વ દર્શાવતી નથી કે દર્શાવતી હોઈ તેમ સમજી શકાશે નહી. મિલકતની હરાજી બેંક દ્વારા મિલકત ઉપરના હાલના તેમજ ભવિષ્યના જાણીતા કે અજાણ્યા તમામ બોજા સહિત વેચવાની છે. અધિકૃત અધિકારી / સિકયોર્ડ કેડીટર્સ થર્ડ પાર્ટી ના ક્લેઈમ / રાઈટ્સ / વાંધા માટે જવાબદાર રહેશે નહી. (૪) **નિરીક્ષણ ની તારીખ : ૦૨.૦૯.૨૦૨૬ ના રોજ સવારે ૧૧ થી ૪ વાગ્યા સુધી કરી શકાશે.** તે માટે સંબંધિત શાખાનો સંપર્ક કરવો. (૫) બીડ ફક્ત ઓનલાઈન દ્વારા જ રજૂ કરવી પડશે. (૬) બીડરોએ વેચાણની શરતો વાંચી અને સમજી છે અને તેના માટે બંધાયેલ છે એમ માનવામાં આવશે. (૭) સબમીટ કરવાની બીડ કિંમત અનામત કિંમતથી ઉપર રહેશે અને બીડર્સ તેમની બોલી **રૂા.૧૦૦૦૦/- (રૂા.દસ હજાર)** ના ગુણાંકમાં કરવાની રહેશે. (૮) બીડ રજૂ કરતા પહેલા બીડરે મિલકતનું નિરીક્ષણ તેમજ મિલકત અંગેની તમામ જાણકારી મેળવી લેવી. (૯) સફળ બીડર્સની ઈએમડી રકમ વેચાણ પ્રક્રિયામાં જમા લેવામાં આવશે અને અસફળ બીડરોની ઈએમડી પરત કરવામાં આવશે. (૧૦) ઈએમડી પર વ્યાજ મળશે નહી અને સફળ થનાર બીડરે અધિકૃત અધિકારી દ્વારા બીડની કિંમત સ્વીકાર્યાં બાદ તરત જ વેચાણ કિંમતનાં ૨૫% (ઈએમડી સાથે) જમા કરવાનાં રહેશે અને વેચાણ કિંમતની બાકીની રકમ (૭૫%) વેચાણ નક્કી થયાની તારીખથી ૧૫ દિવસ કે તે પહેલા જમાં કરવાનું રહેશે. સફળ બીડર્સ દ્વારા રકમ જમા કરવામાં કસૂર (વિલંબ) થયે બીડરની જમા રકમ જપ્ત થશે અને મિલકત પુનઃ હરાજીમાં મુકાશે અને કસૂરવાર બીડની રકમ બાબતમાં કોઈપણ દાવો / અધિકાર રહેશે નહી. (૧૧) કોઈપણ ઈન્ટરનેટ નેટવર્ક સમસ્યા / પાવર નિષ્ફળતા/ અન્ય કોઈ ટેકનીકલ ખામી નિષ્ફળતા વગેરે માટે અધિકૃત અધિકારી / બેંક કે ઈ-હરાજી સેવા આપનાર ને જવાબદાર ગણવામાં આવશે નહી. આથી આકસ્મિક પરિસ્થિતીને દૂર રાખવા માટે ઈચ્છુક બીડરોને વિનંતી કરવામાં આવે છે કે તેમણે ઈ-હરાજીની પ્રક્રિયામાં ભાગ લેવા માટે સંપૂર્ણ સજ્જ છે તે ચકાસી લેવું. (૧૨) ખરીદનારે લાગુ સ્ટેમ્પ ડયુટી / રજીસ્ટ્રેશન ફી / લાગુ પડતા સરકારી લેણાં જીએસટી અન્ય ચુકવણી અને કોઈપણ કાનુની / બીન કાનુની બાકી કર / આકારણી વેરો વગેરે ભરવો પડશે. (૧૩) અધિકૃત અધિકારી / બેંક ઉચ્ચતમ ઓફર સ્વીકારવા બંધાયેલ નથી અને તે હરાજીની કાર્યવાહી કોઈપણ તબક્કે કોઈપણ કારણ આપ્યા વિના તમામ ઓફરોને સ્વીકારવા કે નકારવા અથવા ઈ-હરાજી મુલતવી રાખવા/રદ કરવા અથવા તેની કોઈપણ મિલકત અથવા ભાગ પાછો ખેંચવા સંપૂર્ણ અધિકાર અને વિવેક ધરાવે છે. (૧૪) વેચાણ પ્રમાણપત્ર ફકત ખરીદનાર / અરજદારના નામે જારી કરવામાં આવશે અને અન્ય કોઈપણ નામે જારી કરવામાં આવશે નહી. (૧૫) વેચાણ સિકયુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સીયલ એસ્સેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ ના અમલીકરણ હેઠળ નિયમો / શરતો ને આધિન રહેશે. વેચાણની શરતો પરની કોઈપણ વિગતો / પુછપરછ સંબંધિત શાખાના આપેલ સંપર્ક નંબરો પરથી મેળવી શકાશે. (૧૫) સરફેસી કાયદા મુજબ ઉપરોક્ત ખાતાના કરજદાર / જામીનદાર / ગીરવેદાર ને૩૦ **દિવસ/૧૫દિવસ** ની નોટીસ દ્વારા ઉપરોકત તારીખે રાખેલ હરાજીની જાણ કરવામાં આવેલ છે. (૧૭) " ખરીદનાર જયાં લાગુ પટે ત્યાં TDS ભોગવશે જેમાં અન્ય કાનુની લેણાં, નોંધણી ચાર્જ, સ્ટેમ્પ ડયુટી વગે